જીએમઈઆરએસના નર્સિંગ એસોસિએશન દ્વારા મુખ્યમંત્રીને સાતમા પગાર પંચનો લાભ આપવા આવેદનપત્ર

ગાંધીનગર, તા. ૨૨

જીએમઈઆરએસ સંચાલિત મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ ખાતે ફરજ બજાવતા નર્સિંગ સ્ટાફના જીએમઈઆરએસ નર્સિંગ એસોશિએશન બનાવી પોતાની નોકરીમાં થતા પગાર બાબતના અન્યાયનો વિરોધ કરવા તૈયારીઓ શરુ કરી દીધી છે. અલગ અલગ જિલ્લાઓમાં આવેલી સાત મેડીકલ કોલજ અને જનરલ હોસ્પિટલના ૧૮૦૦થી વધુ

નર્સિંગ સ્ટાફે સાતમા પગાર પંચના લાભ મેળવવા અને ફિકસ પગારમાં થયેલા વધારાનો અમલ કરાવવા સહિતની માંગણીઓ લઈ તાજેતરમાં રાજયના મુખ્યમંત્રીને આવેદન પત્ર આપી ઉગ્ર આંદોલન ચિમકી ઉચ્ચારી છે.

સમગ્ર રાજયભરમાં આવેલ જીએમઈઆરએસ સંચાલિત જનરલ હોસ્પિટલમાં વર્ષ ૨૦૧૦થી નર્સિંગ સ્ટાફની ભરતી કરવામાં આવી છે. જીએમઈઆરએસની તમામ મેડીકલ કોલેજને એમસીઆઈની મંજુરી મળી ગઈ છે. અને સંપૂર્ણ પણે કાર્યરત પણ થઈ ગઈ છે.તેવા સમયે સીધી ભરતી કરવામાં આવે તો છેલ્લા ૬ વર્ષથી ફરજ બજાવતા નર્સિંગ કર્મચારીઓ બઢતીથી વંચિત રહી જાય છે. સિસ્ટર, ઈન્ચાર્જ, મદદનીશ નર્સિંગ અઅઅધિક્ષક, અને નર્સિંગ અધિક્ષકની જગ્યાઓ પણ કોલેજ દીઠ ઘણી જ ઓછી છે. આ જગ્યાઓ સીધી ભરતીથી ભરવામાં આવે તો જીએમઈઆરએસના કર્મચારીઓને અન્યાય થાય છે. સરકારના નિયમ પ્રમાણે વર્ગ-૩ માંથી વર્ગ-૩માં બઢતી માટે પાંચ વર્ષનો અનુભવ જોઈએ છે. જયારે વર્ગ-૩માંથી વર્ગ-૨ માં બઢતી માટે સાત વર્ષનો અનુભવ જરુરી છે. ત્યારે વર્ષોથી નર્સિંગ સ્ટાફના પડતર પ્રશ્નોમાં કર્મચારીઓને સિનિયોરીટી પ્રમાણે લાભ આપવામાં આવે, સાતમા પગારપંચનો લાભ તેમજ ફિકસ પગારની અમલવારી કરવામાં આવે તે સહિતના પ્રશ્નોનો સમાવેશ થાય છે. જેને અનુલક્ષી નર્સિંગ એસોશિએશન દ્વારા મુખ્યમંત્રીને આવેદન પત્ર પાઠળી રજુઆત કરાઈ છે. તેમજ સત્વરે નિર્ણય નહી આવે તો નર્સિંગ સ્ટાફ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાના મુડમાં જણાય છે.

ઉવારસદના શંકરાલોક આશ્રમ ખાતે મહશિવરાત્રિ પર્વનું ભવ્ય આયોજન

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર તાલુકાના ઉવારસદ ખાતેના શંકરાલોક આશ્રમ દ્વારા સ્વામી ઈશ્વરાનંદ ગીરી મહારાજની ૬૦મી સન્યાસ જયંતિના પ્રસંગે તા. ૨૪મી ફેબ્રુઆરીથી તા. ૩જી માર્ચ દરમિયાન ‘મહાશિવરાત્રિ મહોત્સવ તથા શ્રૌત મહાસોમયાગ’નું આયોજન કરવામાં આવ્યું છે.

આ ધાર્મિક પ્રસંગે ઉત્તર કન્નડના શિરાલી ખાતેના ચિત્રાપુર મઠના મઠાધિશ સ્વામી સદ્યોજાત શંકરાશ્રમજી મહારાજ મુખ્ય અતિથિ પદે ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત અમદાવાદના સ્વામી વિશોકાનંદજી ભારતી, બીકાનેરના સ્વામી સંવિત સોમગીરી તથા અમદાવાદના સ્વામી આધ્યાત્મનંદજી મહારાજ ઉપસ્થિત રહેશે. આ ધાર્મિક કાર્યક્રમનો તા. ૨૪મી ફેબ્રુઆરીએ સવારે ૭ કલાકે પ્રારંભ થશે. જેમાં મહા શિવરાત્રિ વ્રત સંકલ્પસભા, શીવગીતા સામૂહિક પાઠ, નિત્યઆરતી, મહાશિવરાત્રિ ચાતુર્યામ પૂજન સહિતના કાર્યક્રમો યોજાશે. તા. ૨૬મી ફેબ્રુઆરીએ સોમયાગ અનુષ્ઠાન તથા વેદ ભગવાન અને સોમવલ્લીની શોભાયાત્રા યોજાશે. આ મહોત્સવમાં વિદ્વાનોના સત્સંગનો કાર્યક્રમ પણ યોજાશે. આ ધાર્મિક પર્વનો લાભ લેવા જિલ્લાની તમામ ધર્મપ્રેમી જનતાને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ઓડીએફ વિસ્તાર જાહેર કરતા પહેલાં ચાર તબક્કાની કાર્યવાહી કરવી પડે છે : શંકરભાઈ ચૌધરી

ગાંધીનગર, તા. ૨૨

ઓ.ડી.એફ. જાહેર કરતાં પહેલાં ચાર જેટલા તબક્કામાંથી તંત્રને પસાર થવુ પડતુ હોય છે તેમ રાજ્યના શહેરી વિકાસ મંત્રીનો હવાલો ધરાવતા રાજ્યમંત્રી શંકરભાઈએ વિધાનસભા ગૃહમાં જણાવ્યુ હતુ.

ગાંધીનગર જિલ્લાની નગરપાલિકાઓને ઓ.ડી.એફ. જાહેર કરવા અંગે ભાજપના ધારાસભ્ય અશોક પટેલે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યુ હતુ કે ૨જી ઓક્ટો.ના રોજ પૂ. બાપુના જન્મ દિને પ્રધાનમંત્રીએ સ્વચ્છતા અભિયાન જે છેડ્યુ છે તે અંતર્ગત દરેક નગરમાં આ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જાહેરમાં શૌચક્રિયા ન થાય તેમજ નગરમાં એક પણ ઘર એવુ ના હોય જ્યાં શૌચાલયની સુવિધા ના હોય. ઘરમાં શૌચાલય ના હોય તો કોમ્યુનીટી શૌચાલયની વ્યવસ્થા ઉભી કરવી એ ઉદ્દેશ્ય આ ઝુંબેશનો છે.

પ્રથમ તબક્કામાં જનજાગૃતિ અભિયાન, બીજા તબક્કામાં શૌચાલય માટેની માળખાકીય સુવિધા આપવી, ત્રીજા તબક્કામાં બનાવાયેલ કોમ્યુનીટી શૌચાલયોની નિભાવણી માટેની વ્યવસ્થા કરવી, ચોથા તબક્કામાં ઓ.ડી.એફ. ડિકલેર કરવા માટે તો એ પ્રક્રિયામાં શાખાઓ, સેલફેલ ગૃપો અથવા સામાજિક સંસ્થાઓની સહમતિ લેવી, વોર્ડ સભાઓ યોજવી તેમાં સૌની બાંહેધરી લેવી, વર્તમાનપત્રમાં જાહેરાત આપી ૧૫ દિવસનો સમયમાં તે અંગેના વાંધા-સૂચનો મેળવવા, સામાન્ય સભામાં તે અંગેનો ઠરાવ પસાર કરવો, નગરપાલિકાઓ માટે કલેક્ટર કક્ષાએથી એની ચકાસણી કરવી અને રાજ્ય કક્ષાએથી થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન માટે ભારતની નામાંકિત સંસ્થા દ્વારા ચકાસણી અને ત્યારબાદ સ્વચ્છ ભારત મિશન દ્વારા ઓ.ડી.એફ. અંગેની જાહેરાત કરાય છે.

કોંગીના ધારાસભ્ય અમીત ચૌધરીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યુ હતુ કે ઓ.ડી.એફ. જાહેર કર્યા પછી ખુલ્લામાં કોઈ શૌચક્રિયા માટે જાય નહિ તેની તકેદારી રાખવી જરૂરી છે. તેમણે જણાવ્યુ હતુ કે આ માટે એક ટીમ બનાવી તેની નિગરાની રાખવામાં આવે છે. દર ૬ મહિને આ માટે ચકાસણી કરવામાં આવે તેવી પ્રક્રિયા છે. કોમ્યુનીટી શૌચાલયોના નબળા બાંધકામ અંગે અગાઉના સમયમાં ફરિયાદો મળી હતી હાલ આવી કોઈ ફરિયાદ નહિ મળી હોવાનું પણ તેમણે જણાવ્યુ હતુ.

કોંગીના જ બળદેવજી ઠાકોરે જણાવ્યુ હતુ કે શૌચાલય બનાવવામાં ભ્રષ્ટાચાર મોટો થતો હોય છે. કલોલમાં આજેપણ ૮૦થી ૮૫ ટકા વિસ્તારોમાં શૌચાલયો બન્યા નથી. ખોટા આંકડા આપવામાં આવ્યા છે. નગરપાલિકાના ૩૨ ક્વાર્ટરની મુલાકાત લેશો તો દૂધનુ દૂધ અને પાણીનું પાણી થઈ જશે. તેની નબળી કામગીરી કેટલી છે તેનો પણ ખ્યાલ આવી જશે.

મંત્રીએ જણાવ્યુ હતુ કે આ વિસ્તારમાં કોમ્યુનીટી શૌચાલયની વ્યવસ્થા ઉભી કરી છે. અગાઉ મારી કલોલની મુલાકાત વેળાએ પણ સભ્યએ મારી સમક્ષ રજુઆત કરી હતી. આ એવા એરિયા છે જ્યાં સૌચાલયની સુવિધા નથી. ત્યાં વ્યક્તીગત ચિંતા કરી કોમ્યુનીટી શૌચાલયની સુવિધા ઉભી કરી છે. આમ છતાં શૌચાલયની ગુણવત્તા બાબતમાં આપના ધ્યાનમાં કંઈ આવે તો આપ અલગથી રજુઆત કરશો તો ચોક્કસ યોગ્ય કાર્યવાહી કરાશે.

મંત્રીએ જણાવ્યુ હતુ કે પેથાપુર નગરપાલિકા ૧૨-૮-૧૬, કલોલ નગરપાલિકા ૨૦-૮-૧૬, દહેગામ નગરપાલિકા ૩-૯-૧૬ અને માણસા નગરપાલિકા ૧૭-૯-૧૬ના રોજ ઓ.ડી.એફ. જાહેર કરવામાં આવેલ છે.

વિધાનસભા બહારથી ૫૪ આશાવર્કરોની અટકાયત

ગાંધીનગર, તા. ૨૨

એક તરફ વિધાનસભાનું બજેટ સત્ર ચાલી રહ્યુ છે અને બીજી તરફ પડતર પ્રશ્નો અને માંગણીઓનો સરકાર સ્વિકાર કરીને માંગણીઓ સંતોષે તેવી આશાઓ સામે અનેક જુથોએ સરકાર સામે બાયો ચઢાવી છે. આવી જ આશાઓ સામે આજે આશા વર્કરોનું જુથ પણ પાટનગરમાં વિવિધ માંગણીઓ લઈને રજુઆત માટે આવ્યુ હતુ. મહિલાઓ રજુઆત કરવા માટે વિધાનસભા પહોંચી ત્યાં જ પોલીસને ઈનપુટ મળ્યા કે આશાવર્કરો વિધાનસભા જઈ રહી છે. પોલીસનો કાફલો ચ-રોડ પર આવી ગયો અને નવા સચિવાલય ગેટ નં. ૬ અને ૭ની પાસેના વિસ્તાર પાસેથી તમામ આશાવર્કરોને પકડી લીધી હતી. ૫૪ આશાવર્કરો કે જે પોતાના પગાર વધારા અને કાયમી કરવા સહિતના વિવિધ પ્રશ્નોના નિકાલ માટે રજુઆત કરવા જઈ રહી હતી. તે તમામને પોલીસે ડબ્બામાં પુરી લીધા હતા અને ડીટેઈન કરી લઈને એસ.પી. ઓફિસ નજર કેદ કરી દીધા હતા. અટકાયતી મહિલાઓને બપોર બાદ મુક્ત કરવામાં આવ્યા હતા.

બોરીજમાં પાણીના મામલે બેડાયુદ્ધ મહિલાઓ તંત્ર સમક્ષ રોષે ભરાઈ

રબારી વાસમાં છેલ્લા એક મહીનાથી પાણી આવતુ નથી : મહીલાઓ બેડા સાથે પાટનગર યોજના ભવન પહોંચી

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગર શહેરી વિસ્તારના ગામોમાં પાણી ગટર અને રસ્તાની માળખાગત સુવિધાઓનો હજુ અભાવ વર્તાય છે. દાયકાઓના અંતે પણ ગ્રામજનોને પાણી ન મળતુ હોવાનો કકળાટ પ્રવર્તયો છે. આજે પાટનગર યોજના ભવનમાં પાણીના મામલે બોરીજની મહીલાઓએ બેડા તોડીને વિરોધ વ્યક્ત કર્યો હતો. જો કે મહીલાઓની રજુઆત સાંભળવા માટે એક પણ અધિકારી ડિવિઝનલ કચેરીમાં હાજર ન હોવાથી આક્રોશ વ્યક્ત કરી મહીલાઓ પરત ફરી હતી. બોરીજમાં સ્થિત રબારી વાસમાં છેલ્લા એક મહીનાથી પાણી ન આવતુ હોવાનો રોષ વ્યક્ત કરી મહીલાઓ દ્વારા તંત્ર દ્વારા લાઈનનુ આડેધડ કામ કરાયુ હાવાનુ પણ જણાંવાયુ હતુ. જયારે આ સ્થિતિ વચ્ચે ગામમાં ઉંચાઈવાળા વિસ્તારમાં પાણીની સમસ્યા જટીલ બની હોવાનો રોષ પણ તેમણે કચેરીના આંગણે ઠાલવ્યો હતો.

શહેરી વિસ્તારના ગામોમાં દાયકાઓના અંતે પણ માળખાગત સુવિધાઓનુ મજબુતીકરણ થઈ શક્યુ નથી. શહેરી વિસ્તારના ગામોમાં પાણી ગટર અને રસ્તાની સુવિધાઓના મામલે હજુ પણ ગ્રામજનોએ અન્યાય સહન કરવો પડતો હોય તેવી સ્થિતિ છે. થોડા સમય અગાઉ જ તંત્ર દ્વારા શહેરી વિસ્તારના ગામોમાં પાણીના નવા બોર બનાવવાનુ કામ હાથ ધરાયુ હતુ. જો કે હજુ બોરને આનુસંગિક કામગીરી બાકી હોવાથી પાણી વ્યવસ્થા અપગ્રેડ થઈ શકી નથી. પરંતુ બોરીજ ગામમાં હજુ આ બોરનુ કામ બાકી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જયારે હાલ છેલ્લા એક મહીનાથી ગામના ઉંચાઈવાળા વિસ્તારમાં સ્થિત વાસમાં પાણીની પોકાર ઉઠવા પામી છે. આ મામલે આજે બોરીજની મહીલાઓ હાથમાં બેડા લઈને પાટનગર યોજના ભવનમાં પહોંચી હતી. જયાં તેમણે પાણી ન આવતુ હોવાના મામલે ઉગ્ર રજુઆત કરી હતી. પરંતુ ડિવિઝનલ કચેરીમાં એક પણ અધિકારી હાજર ન હોવાના લીધે મહીલાઓ મટકી ફોડી આક્રોશ વ્યક્ત કરીને પરત ફરી હતી. બોરીજની મહીલાઓના જણાંવ્યા મુજબ તેમના ગામમાં રબારી વાસમાં છેલ્લા એક મહીનાથી પાણી આવતુ નથી. નવી લાઈનનુ કામ પુર્ણ થયા બાદ પાણીની સમસ્યા વધી છે. ગામમાં કેટલાક ઠેકાણે પાણીના વધુ જોડાણ પણ આપી દેવાયા છે. જયારે ઉંચાઈવાળા વિસ્તારમાં પાણી આવતુ નથી.

ચોથા તબક્કા માટે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

જ મતદાન થશે. ચોથા તબક્કામાં ૬૮૦ ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા ૧.૮૪ કરોડ મતદારો છે જેમાં ૮૪૦૦૦ મહિલા મતદારો સામેલ છે. અલ્હાબાદ નોર્થથી ૨૬ ઉમેદવાર મેદાનમાં છે જયારે ફતેપુરના ખાગામાંથી છ ઉમેદવાર મેદાનમાં છે. ૨૦૧૨માં યોજાયેલી ચૂંટણીમાં આ તબક્કામાં ૫૩ પૈકીની સપાએ ૨૪ બેઠક જીતીને સપાટો બોલાવ્યો હતો જ્યારે ભાજપને પાંચ અને બહુજન સમાજ પાર્ટીને ૧૫ બેઠક મળી હતી. કોંગ્રેસને છ બેઠક મળી હતી. આ ચૂંટણીમાં જે મહત્વના ઉમેદવારોના ભાવિનો ફેંસલો થનાર છે તેમાં પણ કેટલાક મોટા માથા રહેલા છે. ચોથા તબક્કામાં જે ઉમેદવારો મેદાનમાં છે તે પૈકી ૧૮૯ ઉમેદવારો કરોડપતિ છે. જ્યારે ૧૧૬ ઉમેદવારોની સામે ક્રિમિનલ કેસ થયેલા છે.

હકાલપટ્ટીનું સંકટ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીએ પોતાના મેમોમાં કહ્યું છે કે વિભાગ દ્વારા પ્રવાસીઓને કાઢવા માટે પહેલાની જેમ કેટલાક વર્ગો અથવા તો શ્રેણીઓને કોઈ છૂટછાટ આપવામાં આવનાર નથી. આમાં જણાવવામાં આવ્યું છે કે વિભાગના અધિકારીઓને એવા વિદેશીઓની ધરપકડ કરી લેવા અને તેમને કસ્ટડીમાં મુકી દેવા માટે કહેવામાં આવ્યું છે. જેમના પર ઈમિગ્રેશન અધિકારીઓને ઈમિગ્રેશન સાથે જોડાયેલા કાયદાઓમાં ભંગ કરવાની આશંકા રહેલી છે. ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીએ બે મેમો જારી કરી દીધા છે. જેમાં બીજી બાબતો ઉપરાંત ગેરકાયદે પ્રવાસીઓ પર સૌથી વધારે કઠોર જોગવાઈ કરવાનો નિર્ણય કરાયો છે.

આ પણ વાંચીએ...

કુવેતના એક શખ્સે એક સાથે ચાર કન્યાઓ સાથે કર્યા લગ્ન

કુવેતના એક યુવકે આજકાલ સોશીયલ મીડિયા પર ધુમ મચાવી દીધી છે. આ યુવકે એક સમારંભમાં એક સાથે ચાર યુવતીઓ સાથે લગ્ન કરી તેની તસવીરો સોશીયલ મીડિયા પર પોસ્ટ કરી છે. આ શેખ યુવકની ભૂતપૂર્વ ગર્લફ્રેન્ડે યુવકને પડકાર ફેંક્યો હતો કે કોઈ યુવતિ હવે તેની સાથે ફ્રેન્ડશીપ નહી રાખી શકે. ગર્લફ્રેન્ડના પડકારનો જવાબ આપતા તેણે એક સાથે ચાર યુવતિ સાથે લગ્ન કરી તેની તસવીરો સોશીયલ મીડિયા પર મુકી દીધી હતી.

અમેરિકામાં વેચાઈ રહી છે ગણેશ બ્રાન્ડ બીયર

અમેરિકાની ઈ-કોમર્શ કંપનીઓ અવારનવાર હિન્દુઓની લાગણી દુભાવવાનુ કાર્ય કરે છે. કંપનીઓ હિન્દુઓ દેવી-દેવતાઓ અને ધાર્મિક પ્રતિકોનો ઉપયોગ બીયરની બોટલ, ટોયલેટ સીટ અને બુટ-ચંપલ પર કરી રહી છે. આ સંદર્ભે તાજેતરમાં પોલીસ ફરિયાદ નોંધાવી છે એટલુ જ નહી વિદેશ મંત્રાલયને તેમણે આ સંદર્ભે એક પત્ર પણ લખવામાં આવ્યો છે.

આ શાકભાજીવાળો એક રૂપિયામાં એક કિલો ફળ અને શાકભાજી આપશે

શાકભાજીના જથ્થાબંધ વેપારી પરેશ પટેલ અને હેલ્પીંગ હેન્ડ નામની એનજીઓ હવે એક રૂપિયામાં ફળો અને શાકભાજી આપવાની તૈયારીમાં છે. અમદાવાદના ખાનપુર રાયફલ ક્લબ ગ્રાઉન્ડમાં ૨૮મી ફેબ્રુઆરીએ એક કેમ્પ લાગશે જેમાં આ ભાવે ફળો અને શાકભાજી ઉપલબ્ધ બનશે. આ કેમ્પ માટે ૧૨ ટ્રક જેટલી શાકભાજીનો ઓર્ડર આપવામાં આવ્યો છે.

માત્ર ૭૭૭ રૂ.માં કરો હવાઈ મુસાફરી

લો કોસ્ટ એરલાઈન કંપની સ્પાઈસ જેટે કસ્ટમર્સ માટે નવી ઓફર રજૂ કરી છે. કંપનીએ લકી ૭ સેલ શરૂ કર્યુ છે. જે અંતર્ગત તમામ ડોમેસ્ટિક રૂટ્સ પર ૭૭૭ રૂ.ની શરૂઆતની પ્રાઈસ સાથે હવાઈ મુસાફરી કરી શકાય છે. આ સેલ અંતર્ગત ૨૫ ફેબ્રુઆરી સુધી ટિકિટ બુક કરાવી શકાય છે. જેમાં ૯ માર્ચથી ૧૩ એપ્રિલ સુધીની ટિકિટ મળશે.

સત્તાલાલચું ભાજપની બેધારી નીતિ સાથેના અસલી ચહેરાનો પર્દાફાશ

ત્રણ વર્ષથી કેન્દ્રમાં સત્તામાં રહેલી ભાજપ સરકારને પંડિત દીનદયાળ ઉપાધ્યાય અને શ્યામાપ્રસાદ મુખરજીના નિધનની તપાસ કરાવવા પડકાર : ડૉ. હિમાંશુ પટેલ

કોઈ પણ ભોગે સત્તા મેળવવા માટે બેધારી નીતિ અખત્યાર કરનાર ભાજપના અસલી ચહેરાનો પ્રજા સમક્ષ પર્દાફાશ થઈ ગયો હોવાનું જણાવતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે વિપક્ષમાં રહી કાગારોળ મચાવનાર ભાજપને પંડિત દીનદયાળ ઉપાધ્યાય અને ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીથી લઈ સુભાષચંદ્ર બોઝ અને હરેન પડ્યાના નિધન અંગે તપાસ કરાવવા પડકાર ફેંક્યો છે. વિવિધ રાજ્યોમાં કોંગ્રેસ તેમજ વિપક્ષોના જોડાણોને કજોડું ગણાવતા ભાજપે કાશ્મીરથી લઈ પંજાબ અને મહારાષ્ટ્રમાં પોતાની સત્તાલાલચના કારણે કરેલા જોડાણોથી પ્રજાને ભાજપની તકવાદી નીતિ-રીતિનો ખ્યાલ આવી ગયો છે.

ભારતીય જનસંઘના સ્થાપક ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીનું શ્રીનગરની જેલમાં અવસાન થયું હતું. ત્યારથી જનસંઘ અને ભાજપ દ્વારા તેમના મૃત્યુની તપાસ કરવા કેન્દ્રની કોંગ્રેસ સરકાર સમક્ષ રજૂઆતો કરવામાં આવતી હતી. એ જ રીતે ૧૯૬૮ માં પંડિત દીનદયાળ ઉપાધ્યાયનું ટ્રેન મુસાફરી દરમ્યાન મૃત્યુ થયું હતું. આ એ જ ભાજપ છે કે, જે ડૉ. શ્યામા પ્રસાદના ખૂનનો આરોપ જે પીડીપી પર લગાવતી રહી તે જ પીડીપી સાથે અત્યારે સત્તામાં ભાગીદાર છે.

આ બંને મહાનુભાવોના મૃત્યુની તપાસ માટે કાગારોળ મચાવનાર ભાજપ છેલ્લા ત્રણ વર્ષથી કેન્દ્ર તેમજ જમ્મુ-કાશમીરમાં સત્તા પર છે. આ અગાઉ કેન્દ્રમાં બાજપાઈ સરકારે પણ સત્તા સંભાળી હતી. છેલ્લે ૨૦૧૪ માં મોદી સરકારની રચના વખતે જનસંઘના બલરાજ મધોક અને પ્રફુલ ગોરડીયાએ પણ તપાસની માંગણી કરી હતી. પરંતુ સત્તા મળ્યા પછી પોતાના સાથીઓને રાજકીય રીતે પતાવી દેતા પ્રસિદ્ધિ પ્રિય વડાપ્રધાને આજદિન સુધી આ તપાસ માટે એકડો પણ ઘુટ્યો નથી. એ જ રીતે ગુજરાતના તત્કાલિન ગૃહમંત્રી હરેન પંડ્યાની હત્યા અંગે તેમના પિતા વિઠ્ઠલભાઈ પંડ્યા પોતાના અવસાન સુધી રજૂઆતો કરી થાકી ગયા હતા. જેમાં પણ ભાજપ કેન્દ્રમાં કોંગ્રેસ સરકાર હોવાથી કાગારોળ મચાવતી હતી. પરંતુ કેન્દ્રમાં ભાજપ સરકાર રચાયા પછી ભાજપના એકપણ આગેવાને હરેન પંડ્યાની હત્યા માટે તપાસની માંગણી સુદ્ધા કરી નથી. ગાંધી-નહેરૂ પરિવાર માટે રાજકીય કિન્નાખોરી દાખવતા ભાજપનો અસલી ચહેરો પ્રજા સમક્ષ ખુલ્લો પડી ગયો છે. દિલ્હીની નિર્ભયા દુષ્કર્મના મામલે કેન્ડલ રેલી કરનાર ભાજપે નલિયા દુષ્કર્મપ્રકરણમાં ક્યાંક અંધારામાં સંતાઈ જઈને કલંક લગાડ્યું છે. ત્યારે ભાજપની બેધારી નીતિને ઓળખી લઈ આવા સત્તાલાલચું પક્ષને જાકારો આપવા ડૉ. હિમાંશુ પટેલે દેશપ્રેમી જનતાને તાકીદ કરી છે.

આવતીકાલે સેવા ક્ષેત્રના મહાનુભાવોને ધરતી રત્ન એવોર્ડ એનાયત કરાશે

અમદાવાદ, તા. ૨૨

જીવનમાં માનવસેવાનો ભેખ લઈને બેઠેલા વ્યક્તિઓને સન્માનિત કરવા આવા અતુલ્ય અને અમુલ્ય વિરલાઓનું ધરતીનાં રત્નો તરીકે અભિવાદન કરવા આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા તા. ૨૪ ફેબ્રુઆરી-૨૦૧૭ના રોજ ધરતી રત્ન એવોર્ડની છઠ્ઠી શૃંખલા સરદાર પટેલ રાષ્ટ્રીય સંગ્રહાલયમાં યોજાશે. આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ૧૧ વ્યક્તિઓને રૂ. ૧૧ હજાર રોકડ પુરસ્કાર તથા એવોર્ડ આપીને છઠ્ઠા ધરતી રત્ન એવોર્ડ વિજેતા તરીકે સન્માનિત કરવામાં આવશે. આ કાર્યક્રમમાં શિવાનંદ આશ્રમના સ્વામી આધ્યાત્માનંદજી આશીર્વચન આપશે. કાર્યક્રમના અંતમાં આર.એસ. પટેલ રચિત કાવ્ય સંગ્રહ ‘ઊર્મિઓના અંકુર’નું વિમોચન કરવામાં આવશે.

છઠ્ઠા ધરતી રત્ન એવોર્ડ અંગે માહિતી આપતા આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટનાં પ્રમુખ સીએ આર. એસ. પટેલે જણાવ્યું હતું કે સમાજમાં કેટલાક લોકો એવા છે કે જેમને નોકરી કે ધંધામાં અનેકગણુ કમાવવાની તક હોય પરંતુ જીવનમાં માનવ સેવાનો જ ઉદ્દેશ લઈને બેઠા હતા અને જીવનમાં મૂલ્યવાન વર્ષો ફક્ત માનવસેવામાં જ સમર્પિત કર્યા હોય તેવા અમુલ્ય અને અતુલ્ય વિરલાઓ ધરતીના રત્નો છે. આવા રત્નોનું ધરતી રત્ન એવોર્ડ આપીને અભિવાદન કરવામાં આવે છે. તેમાં રૂ. ૧૧ હજારનો રોકડ પુરસ્કાર તથા એવોર્ડ આપવામાં આવે છે. ધરતી રત્ન એવોર્ડ આપવાનો અમારો હેતુ સમાજમાં સારા કામના ઉદાહરણોનો એક પ્રેરણાસ્ત્રોત ઉભો કરવાનો છે.

મનના ઉમંગો ● ૪ પાનાનું ચાલુ...

રસોઈયો?’ પતિએ શાંતિથી જવાબ આપ્યો, ‘રસોઈઓ તારા ભાઈએ જ નક્કી કર્યો છે.’ પત્ની પગ પછાડતી ચાલી ગઈ... થોડીવારમાં જોયું તો ગરમ ભજિયાં પુરી જલેબી બધું ફટાફટ આવવા લાગ્યું એટલે બહેન ફરી ફોર્મમાં, જોયું ને મારા ભાઈની કલામ, ગરમાગરમ આવવા માંડ્યું ને ? સારું હતું મારો ભાઈ હતો બાકી શું કહેત ? સંજયભાઈને તેમના લેખના અંતે વાચકોને ચૂંટલો ભરવાની આદત છે. આપણે આજે એમને ચૂંટલો ભરીશું?

ચૂંટલો : સંજયભાઈ, હંમેશાં બે આશ્ચર્ય ચિહ્ન (!!) લખે છે. એટલુ સારું છે કે પ્રશ્નાર્થ ચિહ્ન એક જ પાડે છે!

લાગણીનો મેળો ● ૪ પાનાનું ચાલુ...

ભગવાન શિવજી પર રહેલી જલધારી અને તેમાંથી ટપકતું ટીપું ટીપું પાણી સાતત્ય સૂચવે છે. ભગવાન પરનો આપણો ભાવાભિષેક સતત ચાલુ રહેવો જોઈએ. નારદજીએભક્તિસૂત્રમાંવર્ણવ્યું છે “સ તુ દીર્ઘકાલનૈરન્તર્યસત્કારાસેવિતોદઢભૂમિઃ “ એમ શિવોપાસનાદીર્ઘકાળ, નિરંતર તેમજ સત્કાર પૂર્વક ચાલવી જોઈએ. શિવ નિર્માલ્યને ઓળંગવાથી માણસ શક્તિહીન બંને છે, એ વાતની પાછળ રહેલું રહસ્ય પણ સમજવા જેવું છે, ઈશ સમર્પિત જીવન શિવનિર્માલ્ય ગણાય. આવા ભક્તની અવગણના કરવી એ શિવનિર્માલ્ય નું ઉલ્લંઘન ગણાય. પાપ કરનાર ભલે ગમે તેટલો મોટો ગણાતો હોય તો પણ થોડા વખતમાં શક્તિહીન અને નિસ્તેજ બની જાય છે, આ પ્રબોધ સમજી સાચાં અર્થમાં શિવરાત્રિ મનાવીએ.......

“ નમઃ શાન્તાયતેજસે”
અહો કૃપાલ નેત્ર ભાલ, નિર્ગુણનિરંજનમ્
ત્રિલોકપાલવ્યમાલ, કષ્ટકાલભંજનમ્
ત્રિશૂલધારીભૂતચારીઅર્ધચંદ્રશેખરમ્
વેદાંતશાસ્ત્રશોધકમ નમામિ નાથ શંકરમ્

• • •

શ્રી શંકરંત્ર્યંબકં શ્રી મુંડમાલશિવં
શ્રી આશુંતોષંભવં શ્રી નીલકંઠ હરમ્
શ્રી શશિધરંશુલિનં, શ્રી શૈલજા વલ્લભમ્
શ્રી પાર્વતી નાયકં શ્રી ભાલચંદ્ર ભજે.

સ્પર્શમણિ

જેમના મસ્તકમાંથીજ્ઞાનગંગા વહે છે, ચારિત્ર્યના ઉત્તુંગ અને ધવલ શિખર પર જે બિરાજમાન છે, વિભૂતિને જે વૈભવ સમજે છે, સજ્જનોનું સંરક્ષણ અને દુર્જનોનો સંહાર એ જેનું જીવનવ્રત છે, કામનાના બીજને તેમજ વાસનાના વિષને બાળનાર, કર્મયોગી બાલેન્દુને મસ્તકે ધારણ કરનાર, જગરક્ષા માટે વિષપાન કરનાર તેમજ કલ્યાણ અને જ્ઞાનના મૂર્તિમંત સ્વરૂપ શિવજીને કોટિ કોટિ પ્રણામ !

Rasikvaland1965@gmail.com

વિધાનસભામાં ગાંધીનગર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જણાંવ્યુ હતુ કે દહેગામમાં ૨ સામુહીક આરોગ્ય કેન્દ્રો ,૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૪૦ સબ સેન્ટરો કાર્યરત છે. જયારે ગાંધીનગરમાં ૩ સામુહીક, ૮ પ્રાથમિક,અને ૬૦ સબસેન્ટરો તેમજ કલોલમાં ૩ સામુહીક, ૬ પ્રાથમિક અને ૩૯ સબસેન્ટરો કાર્યરત છે. જયારે માણસા તાલુકામાં ૧ સામુહીક અને ૫ પ્રાથમિક તેમજ ૩૨ સબસેન્ટરો કાર્યરત છે. જયારે જિલ્લામાં કુલ ૯ સામુહીક અને ૨૬ પ્રાથમિક અને ૧૭૧ સબ સેન્ટરો કાર્યરત હોવાનુ પણ તેમણે ઉત્તરમાં જણાંવ્યુ હતુ.

સામુહીક આરોગ્ય કેન્દ્રોની વર્ગ-૧ ની અને તબીબી અધિકારી વર્ગ-૧ ની જગ્યાઓ ઈન્ટરવ્યુના માધ્યમથી ભરવામાં આવશે. જયારે પેરા મેડીકલ સંવર્ગની જગ્યાઓને ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરવામાં આવશે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની વર્ગ -૨ ની જગ્યા ભરવા માટે અઠવાડીયે વોક ઈન ઈન્ટરવ્યુનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે વર્ગ -૩ ની ખાલી જગ્યા પંચાયત સંવર્ગની હોવાથી પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા લઈને ભરવામાં આવશે. વર્ગ -૩ અને ૪ ની ખાલી જગ્યા પર જરૂર મુજબ આઉટ સોર્સથી કામગીરી ચાલે છે.

● **હાનિકારક રસાયણોનુ ઉત્પાદન કરતા ૨૪૦ એકમો પૈકી ૧૦ ઝપટે ચઢયા**

જિલ્લામાં હાનિકારક રસાયણોનુ ઉત્પાદન કરતા અને જોખમી કચરાના યોગ્ય નિકાલ સુવિધા નહી ધરાવતા કેટલા એકમો સામે પગલા લેવામાં આવી અને આવા એકમો સામે શુ પગલા લેવાયા તે અંગેના કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં પર્યાવરણમંત્રીએ જણાંવ્યુ હતુ કે ગાંધીનગર જિલ્લામાં હાનિકારક રસાયણોનુ ઉત્પાદન કરતા ૨૪૦ એકમો છે. જયારે આ તમામ એકમો જોખમી કચરાનો નિકાલ કરવાની વ્યવસ્થા ધરાવે છે. વધુમાં નિરિક્ષણ દરમિયાન જોખમી ઘન કચરાના નિકાલ મામલે અધિકૃત શરતોનો ભંગ કરતા ૧૦ એકમો પણ ધ્યાને આવ્યા હતા. જેની સામે પર્યાવરણ સંરક્ષણ ધારા ૧૯૮૬ હેઠળ પગલા લેવાયા છે. જેમાં ૮ એકમોને ક્લોઝર ઓર્ડર આપવામાં આવી છે. જયારે ૨ એકમોને લીગલ નોટીસ આપવામાં આવી છે.

● **દહેગામ નરોડા માર્ગ ચારમાર્ગીય નહીં બને**

દહેગામ નરોડા માર્ગને ચારમાર્ગીય બનાવવા મામલે દહેગામના ધારાસભ્ય કામિનીબા રાઠોડના પ્રશ્નના ઉત્તરમાં માર્ગ મકાન મંત્રીએ જણાંવ્યુ હતુ કે દહેગામ તાલુકાના દહેગામ નરોડા માર્ગને ચાર માર્ગીય બનાવવાની કામગીરીને મંજુરી આપવામાં આવી નથી.

સજ્જ થઈએ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વર્કશોપ માટે બનાવવામાં આવેલ તમાકુ અને ધુમ્રપાન વિરોધી બોર્ડની અનાવરણ વિધી કરવામાં આવી.

પ્રશ્નોત્તરી અને ફીડબેકના સમય દરમ્યાન શાખા અધિકારીઓ દ્વારા પૂછવામાં આવેલ વિવિધ પ્રશ્નોના કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી અને જિલ્લા રોગચાળા અધિકારીએ જવાબો આપ્યા. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ આભાર વિધી કર્યા બાદ છેલ્લે તમામ શાખા અધિકારીઓને જિલ્લા આઈ.ડી.એસ.પી. તરફથી છપાવેલા બોર્ડનું તેમની જરૂરિયાત મુજબ વિતરણ કરવામાં આવ્યુ. સાથે તમાકુની પેનલ્ટી માટે જરૂરી આપવાની થતી પહોંચની બુકલેટ પણ આપવામાં આવી હતી.

યોજના નથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે કહ્યુ હતુ કે આ સમસ્યાને ખતમ કરી દેવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. દાસે કહ્યુ હતુ કે લોકો એટીએમમાંથી એટલી જ રકમ ઉપાડવામાં આવે જેટલી રકમની જરૂર હોય છે. કેટલાક લોકો વધારે નાણાં ઉપાડી રહ્યા છે જેના કારણે તકલીફ થઈ રહી છે. આ વલણના કારણે જ સમસ્યા વધારે રહી છે. જો કે તેમણે કહ્યુ હતુ કે સ્થિતિ હવે બિલકુલ સામાન્ય બની ચુકી છે. હાલમાં કેટલાક મિડિયા હેવાલમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે રૂપિયા એક હજારની નવી નોટ પણ હવે જારી કરવામાં આવનાર છે.

ટેન્ડર નિવિદા ૨૦૧૬-૧૭

જિલ્લા મદદનીશ કમિશનર, મોડાસા, જી. અરવલ્લી સંચાલિત આદર્શ નિવાસી શાળા / સરકારી છાત્રાલયો તેમજ અન્ય શૈક્ષણિક સંકુલોમાં વિવિધ શૈક્ષણિક અને ભૌતિક સુવિધા પૂરી પાડવાની થાય છે. જેના ટેન્ડર ફોર્મ તા. ૨૨/૨/૧૭ થી તા. ૪/૩/૧૭ સુધી કચેરી સમય દરમિયાન મેળવી શકાશે. ટેન્ડર ફોર્મ મેળવવા માટે રૂ. ૧૦૦૦/- ચલણથી અત્રેની કચેરીએથી જણાવ્યા મુજબના સદરમાં ભરવાના રહેશે. ટેન્ડર મંજુર / નામંજુર કરવું અત્રેની કચેરીની મરજી સમિતિને અધિકાર અબાધિત રહેશે.

મદદનીશ કમિશનર
(આદિજાતિ વિકાસ)
ક્રમાંક ના.મા.નિ./ટિંમત/૫૫૯/૨૦૧૭ મોડાસા, જી. અરવલ્લી